**<u>તા.૧–૧–૨૦૧૪ ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા – સ્ટાફ, ખાલી જગ્યાઓ ભરવા બાબત તેમજ બદલી પર પ્રતિબંધ મુકવા બાબત.</u>**

**ગુજરાત સરકાર,**
સામાન્ય વહીવટ વિભાગ,
**પરિપત્ર ક્રમાંક : ઈએલઆર–૧૦૨૦૧૩–ઈસીઆઈ/૫૮૨–છ**
સચિવાલય, ગાંધીનગર.
**તા. ૨.૯.૨૦૧૩.**

**<u>વંચાણમાં લીધો:–</u>**

(૧) ભારતના ચૂંટણી પંચનો મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્યને સંબોધેલ તા.૨૩.૮.૨૦૧૩નો પત્ર ક્રમાંક : – ૪૩૪/૧/૨૦૧૩/ઇઆરએસ/૬૭૭–૬૭૮.

**<u>પરિપત્ર:–</u>**

**<u>૧.</u>** ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીએ **<u>તા.૧–૧–૨૦૧૪</u>** ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કરવા વંચાણે લીધેલ તા. ૨૩.૮.૨૦૧૩ના પત્રથી આદેશ આપેલ છે. ચૂંટણી પંચ, નવી દિલ્હીએ આપેલ કાર્યક્રમ નીચે મુજબ છે. : –

| ક્રમ | કાર્યક્રમના તબક્કા | સમયગાળો |
|---|---|---|
| ૧ | મતદાર યાદીના મુસદ્દાની પ્રસિધ્ધિ | તા. ૦૬.૦૯.૨૦૧૩ ના રોજ (શુક્રવાર) |
| ૨ | ગ્રામ સભા / શહેરી સ્થાનિક સંસ્થા / નિવાસી કલ્યાણ મંડળોની બેઠકમાં મતદાર યાદીના સંબંધિત ભાગનું વાંચન | તા. ૦૬.૦૯.૨૦૧૩ (શુક્રવાર) થી તા. ૦૫.૧૦.૨૦૧૩ (શનિવાર) |
| ૩ | હક્ક–દાવા અને વાંધા રજૂ કરવાનો સમયગાળો. | તા. ૦૬.૦૯.૨૦૧૩ (શુક્રવાર) થી તા. ૦૫.૧૦.૨૦૧૩ (શનિવાર) |
| ૪ | ખાસ અભિયાનની તારીખો | તા. ૦૮.૦૯.૨૦૧૩, તા. ૧૫.૦૯.૨૦૧૩, તા. ૨૨.૦૯.૨૦૧૩, તા. ૨૯.૦૯.૨૦૧૩ <u>(રવિવાર)</u> |
| ૫ | હક્ક–દાવા અને વાંધા નિકાલની છેલ્લી તારીખ | તા. ૧૮.૧૧.૨૦૧૩ (સોમવાર) |
| ૬ | હક્ક–દાવા અને વાંધા અરજીઓ પરના નિર્ણયના આધારે પુરવણી યાદીઓ તૈયાર કરવી. | તા.૩૧.૧૨.૨૦૧૩ (મંગળવાર) |
| ૭ | મતદાર યાદીઓની આખરી પ્રસિધ્ધિ | તા. ૦૬.૦૧.૨૦૧૪ ના રોજ (સોમવાર) |

(કૃપયા પાનુ ઉલટાવો.)

વધુમાં, ૧૬૭ – સુરત પશ્ચિમ વિધાન સભા બેઠકનું પ્રતિનિધિત્વ કરતા માનનીય ધારાસભ્યશ્રીનું તા. ૨૯.૬.૨૦૧૩ના રોજ અવસાન થયેલ હોઈ, તે બેઠક ખાલી પડેલ છે. ચૂંટણી પંચ દ્વારા તે ખાલી પડેલ બેઠક માટે આગામી તા. ૨૯.૧૨.૨૦૧૩ પહેલા વિધાનસભા પેટા ચૂંટણીની ઘોષણા કરવામાં આવશે. <u>આથી, ઉપર્યુક્ત વિગતેની તા. ૧.૧.૨૦૧૪ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાની કાર્યવાહી ૧૬૭ – સુરત પશ્ચિમ વિધાન સભા બેઠકને બાદ કરતાં રાજ્યની બાકીની ૧૮૧ વિધાનસભા બેઠકો માટે કરવાની રહેશે.</u> જ્યારે, ૧૬૭ – સુરત પશ્ચિમ વિધાન સભા બેઠક માટે તા. ૧.૧.૨૦૧૪ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાની કાર્યવાહી ઉક્ત બેઠકની પેટા ચૂંટણીની સમાપ્તિ બાદ હાથ ધરવાની રહેશે, તે બાબતને પણ ચૂંટણી પંચે બહાલી આપી છે.

<u>૨. સ્ટાફ પૂરો પાડવો.</u>

મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાની ઉક્ત કામગીરી ખુબ જ વિશાળ છે અને મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓની પદનામિત અધિકારીઓ તરીકે નિમણૂંક માટે જરૂરીયાત રહેશે. **<u>બંધારણની કલમ–૩૨૪(૬)</u>** હેઠળ કેન્દ્ર/ રાજ્ય સરકારે ચૂંટણી પંચને સોંપવામાં આવેલી ફરજ બજાવવા માટે જરૂરી સ્ટાફ પૂરો પાડવાનો રહે છે. તેમજ **<u>લોક પ્રતિનિધિત્વ અધિનિયમ–૧૯૫૦ ની કલમ–૨૦</u>** હેઠળ મતદાર યાદી તૈયાર કરવા માટે સ્થાનિક સત્તાધિકારીએ મતદાર નોંધણી અધિકારીઓને મુખ્ય નિર્વાચન અધિકારીની વિનંતીથી સ્ટાફ પૂરો પાડવાનો રહે છે. આથી સચિવાલયના સર્વે વિભાગોને વિનંતી કરવામાં આવે છે કે, તેઓના વિભાગ કે તેઓના નિયંત્રણ હેઠળના ખાતા/કચેરી પાસેથી જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારીઓ, મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ ધ્વારા મતદાર યાદીની સુધારણાની કામગીરી માટે સ્ટાફની માંગણી કર્યેથી સ્ટાફ પૂરો પાડવામાં આવે તેમજ આ સ્ટાફ કામગીરી બજાવવા હાજર રહે તે સુનિશ્ચિત કરવામાં આવે.

જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારીઓ, મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ આ કાર્યક્રમમાં ચાવીરૂપ અધિકારીઓ છે. જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે કલેકટરશ્રીઓ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારી તરીકે નાયબ કલેકટરશ્રીઓ/ નાયબ કલેકટર કક્ષાના અધિકારીઓ તથા મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ તરીકે મામલતદારોની નિમણૂંક કરવામાં આવે છે.

આથી મતદાર નોંધણી અધિકારીઓ, મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓની ખાલી પડેલ જગ્યાઓની જાણ કલેકટરશ્રી ધ્વારા કરવામાં આવે કે તુર્તજ ભરવાની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા મહેસુલ વિભાગને, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ તથા અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગને, આથી જણાવવામાં આવે છે.

**૩. મતદાર યાદી સાથે સંકળાયેલા ચાવીરૂપ અધિકારીઓની બદલી પર પ્રતિબંધ.**

લોકપ્રતિનિધિત્વ અધિનિયમ–૧૯૫૦ ની કલમ–૨૮ હેઠળ મતદાર યાદી તૈયાર કરવાની કામગીરી માટે નિમાયેલા કોઈપણ અધિકારી કે સ્ટાફ તેઓ આ કામગીરી માટે જેટલા સમય માટે નીમવામાં આવ્યા હોય, તેટલા સમય માટે ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી હેઠળ પ્રતિનિયુકિત પર ગણાય છે અને તેઓ ચૂંટણી પંચ, નવી દિલ્હીના નિયંત્રણ, નિરીક્ષણ અને શિસ્ત હેઠળ ગણાય છે. આ જોગવાઈને અધીન રહીને ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીએ ચાવીરૂપ અધિકારીઓ જેવા કે જિલ્લા ચૂંટણી અધિકારીઓ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારીઓ અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ વગેરેની બદલીઓ આ કામગીરી શરૂ થયાથી કામગીરી પૂરી થાય ત્યાં સુધી ચૂંટણી પંચ, નવી દિલ્હીની પૂર્વ મંજુરી સિવાય કરવી નહી, તેવી પંચે સૂચના આપી છે. આથી તેનો ચુસ્ત અમલ કરવા સંબંધિતોને જણાવવામાં આવે છે. જયારે અધિકારી/કર્મચારીઓને નિયમિત બઢતી આપવાના કારણે કરવી પડતી બદલીના (ભારતીય વહીવટી સેવા,રાજય મુલ્કી સેવા તેમજ ભારતીય વહીવટી સેવાના અજમાયશી અધિકારીઓ) કિસ્સાઓમાં પ્રસ્તુત પ્રતિબંધ લાગુ પડશે નહિ. અલબત,મતદાન મથક અધિકારી (B.L.O.) ની બદલી કરવા અંગેના કેસોમાં ચૂંટણી પંચ,નવી દિલ્હી વતી મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી નિર્ણય કરી શકશે. પદ્નામિત અધિકારી તરીકે જે કર્મચારીઓને નિમણૂંક આપવામાં આવે, તે કર્મચારીઓની બદલી કરવામાં આવે તો મતદાર યાદીની સુધારણા કાર્યક્રમને વિપરીત અસર પડે. આથી જે કર્મચારીઓને પદનામિત અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવે, તે કર્મચારીની બદલી સંબંધિત જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ જ કરવામાં આવે, તે જોવા પણ સંબંધકર્તા સર્વેને જણાવવામાં આવે છે.

**૪. ચોકકસ પ્રકારના અધિકારીને નિયુકત કરવા પર પ્રતિબંધ :–**

જે અધિકારી/કર્મચારી કે જેની સામે શિસ્તવિષયક કાર્યવાહી હાથ ધરવા ચૂંટણી પંચ, નવી દિલ્હીએ ભલામણ કરેલ હોય, તેમ જ જેમની સામે કોઈ પણ અદાલતમાં ક્રિમિનલ કેસ ન્યાય અને નિર્ણયાર્થે વિચારણાધીન હોય તેવા અધિકારી/કર્મચારીઓને ચૂંટણી અંગેની કામગીરી કે મતદાર યાદીની સુધારણાની કામગીરી સુપરત નહી કરવા ભારપૂર્વક જણાવવામાં આવેલ છે.

**૫. આ સૂચનાઓ તા.૨–૯–૨૦૧૩ થી અમલમાં આવે છે.**

આ સૂચના તેઓના હસ્તકના ખાતા/કચેરીના વડાના ધ્યાન પર લાવી તેઓ તાત્કાલિક અમલ કરવા આથી, સચિવાલયના સર્વે વિભાગોને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનીતા કરવલ)
મુખ્ય નિર્વાચન અધિકારી અને અગ્ર સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

(કૃપયા પાનુ ઉલટાવો.)